# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર
# બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૦
# (તારીખઃ ૨૯/૦૧/૨૦૨૬, ગુરૂવાર)
# કાર્યનોંધ

**બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા : ૧૦, તારીખઃ ૨૯/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ બપોરે ૩:૩૦ કલાકે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર ખાતે મળી હતી.**

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) ડૉ. નિરંજનકુમાર પી. પટેલ (કુલપતિશ્રી)

૨) ડૉ. અલકાબેન મેકવાન

૩) શ્રીમતી નિતાબેન બ્રહ્મભટ્ટ

૪) ડૉ. પરેશભાઇ વી. વિરપરીયા

૫) શ્રી કેતનકુમાર પી. પટેલ

૬) શ્રી વિજયસિંહ યુ. ઝાલા

૭) શ્રી રૂષિકેશભાઇ શાહ

૮) કુલસચિવશ્રી

સભામાં સભ્યશ્રીઓની ગેરહાજરી નીચે પ્રમાણે હતી :-

**ક્રમ સભ્યશ્રીઓના નામઃ-**

૧) શ્રી નીરજકુમાર સિંઘ (જાણ કરી)

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.

(સિન્ડિકેટ વિભાગ)

૧. **તારીખઃ૦૧-૧૨-૨૦૨૫ને સોમવારના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભા નંબરઃ ૯ ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત.**

(નોંધઃ ૧) સભ્યશ્રીઓને તારીખઃ ૦૨-૧૨-૨૦૨૫ના રોજ જે કાર્યનોંધ મોકલવામાં આવી હતી. તેની એક નકલ આ સાથે પુનઃ **(બિડાણઃ ૧ પૃ. ૧ થી ૮)** તરીકે સામેલ છે.

૨) તારીખઃ ૦૧-૧૨-૨૦૨૫ના રોજ મળેલી બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાઃ૯ માં પસાર કરેલા ઠરાવો ઉપર થયેલી કાર્યવાહીનો અહેવાલ **(બિડાણઃ ૧-અ)** તરીકે સામેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૧/૧૨/૨૦૦૨૫ને સોમવારના રોજ મળેલ બોર્ડ ઓફ મેનેજમેન્ટ સભાઃ ૯ ની કાર્યનોંધ અને કાર્યવાહીનો અહેવાલ મંજૂર કરવામાં આવ્યો.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૨. તારીખઃ **૧૫/૧૧/૨૦૨૫ને શનિવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૫** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૨ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૧૫/૧૧/૨૦૨૫ને શનિવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૫ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૩. તારીખઃ **૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારના** રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલની **સભાઃ૧૬** ની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. **(બિડાણઃ ૩ પૃ. કાર્યનોંધ)**

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ મળેલ એક્ઝીક્યુટીવ કાઉન્સિલ સભાઃ ૧૬ ની કાર્યનોંધ બોર્ડ ઓફ મેનેજમેન્ટમાં મંજૂર કરવામાં આવી.**

**(હિસાબી વિભાગ)**

૪. સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૪-૨૫ વર્ષના તૈયાર થયેલ અને ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોકત હિસાબો ઉપરની ઓડિટ નોંધ અંગે વિચારણા કરી હિસાબો મંજૂર કરવા બાબત.. **(બિડાણઃ ૪)**

(૧) ગુજરાત પબ્લિક યુનિવર્સિટીસ ધારાની કલમ-૪૧ અનુસાર યુનિવર્સિટીના સને ૨૦૨૪-૨૫ના આંતરીક ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોકત હિસાબો ઉપરની નોંધ અંગે વિચારણા કરી સને ૨૦૨૪-૨૫ના ઓડિટ થયેલા હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) કલમ-૪૧ અનુસાર યુનિવર્સિટીના સને૨૦૨૪-૨૫ના ઓડિટ થયેલા હિસાબો પરની ઓડિટ રીપોર્ટની નોંધ લેવા બાબત.)

(નોંધઃ સદર બાબતને સરદાર પટેલ યુનિવર્સિટી ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ તા.૧૨-૧૧-૨૦૨૫ ના રોજ મળેલ સમિતીની ભલામણ ક્રમાંકઃ ૦૩ તેમજ તા.૧૫-૧૧-૨૦૨૫ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સભાના ઠરાવ ક્રમાંક.૦૩ થી બહાલી મળેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૪-૨૫ વર્ષના તૈયાર થયેલ અને ઓડિટ થયેલા હિસાબો તથા ઉપરોકત હિસાબો ઉપરની ઓડિટ નોંધ અંગે વિચારણા કરી સને ૨૦૨૪-૨૫ના ઓડિટ થયેલ હિસાબો બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભા મંજૂર કરે છે.**

**(હિસાબી વિભાગ)**

૫. સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૫-૨૬ના પુનઃ નિર્મિત તેમજ ૨૦૨૬-૨૭ અંદાજપત્રો (નિયમીત અને સ્વનિર્ભર) અંગે વિચારણા કરવા બાબત.. **(બિડાણઃ ૫)**

સરદાર પટેલ યુનિવર્સિટી ફાઇનાન્સ એન્ડ એસ્ટબ્લીશમેન્ટ તા.૧૯-૦૧-૨૦૨૬ના રોજ મળેલ સમિતીના ભલામણ ક્રમાંકઃ ૧૧ અને ક્રમાંકઃ ૧૨ તેમજ તા.૨૨-૦૧-૨૦૨૬ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલ સભાના ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી યુનિવર્સિટીના સને ૨૦૨૫-૨૬ના પુનઃ નિર્મિત તેમજ ૨૦૨૬-૨૭ના અંદાજપત્રો (નિયમીત અને સ્વનિર્ભર) ને બહાલી આપેલ છે જેને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં ચર્ચા વિચારણા કરી મંજૂરીની અપેક્ષાએ રજૂ.

**આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ યુનિવર્સિટીના સને ૨૦૨૫-૨૬ના પુનઃનિર્મિત તેમજ ૨૦૨૬-૨૭ અંદાજપત્રો (નિયમીત અને સ્વનિર્ભર) અંગે વિચારણા કરી અંદાજ પત્ર ને બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભા મંજૂર કરે છે.**

**(હિસાબી વિભાગ)**

૬. નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના યુનિવર્સિટીના Audit Assignment, IT Scrutiny Assessment, Form No.13 & Getting Lower TDS Certificates for the period 01/04/2025 to 31/03/2026ની કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ External Auditor (બાહ્ય ઓડિટર) તરીકે ન્યુનત્તમ ભાવ આપનાર સીએનકે એન્ડ એસોસિએટ એલએલપી., વડોદરાની ઓડિટ શરતોને આધીન નિમણૂંક તારીખઃ૧૯/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ ફાઈનાન્સ ઍન્ડ એકાઉન્ટસ સમિતિની સભાની બાબત ક્રમાંકઃ ૩ તથા તારીખઃ ૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ મળેલ એકઝીકયુટીવ કાઉન્સીલની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી બહાલી આપેલ છે, જેને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં ચર્ચા વિચારણા કરી મંજૂરીની અપેક્ષાએ રજૂ. **(બિડાણઃ ૬)**

**આથી ઠરાવવામાં આવે છે કે નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેના યુનિવર્સિટીના Audit Assignment, IT Scrutiny Assessment, Form No.13 & Getting Lower TDS Certificates for the period 01/04/2025 to 31/03/2026ની કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટ External Auditor (બાહ્ય ઓડિટર) તરીકે ન્યુનત્તમ ભાવ આપનાર સીએનકે એન્ડ એસોસિએટ એલએલપી., વડોદરાની ઓડિટ શરતોને આધીન નિમણૂંકને તારીખઃ૧૯/૦૧/૨૦૨૬ને સોમવારના રોજ ફાઈનાન્સ ઍન્ડ એકાઉન્ટસ સમિતિની સભાની બાબત ક્રમાંકઃ ૩ તથા તારીખઃ ૨૨/૦૧/૨૦૨૬ને ગુરૂવારના રોજ મળેલ એકઝીકયુટીવ કાઉન્સીલની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૧ થી બહાલી આપેલ છે, જેને બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભામાં ચર્ચા વિચારણા કરી ઉપરોકત બાબતે CNK & Associates LLP, Vadodaraની બાહ્ય ઓડિટર તરીકેની નિમણૂંક બોર્ડ ઓફ મેનેજમેન્ટની આ સભા દ્વારા મંજૂર કરવામાં આવી.**

કુલસચિવ

નંબરઃ કે.૧/બોર્ડ ઓફ મેનેજમેન્ટ/૮૨૪૮
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૩૧/૦૧/૨૦૨૬

પ્રતિ,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સર્વે સભ્યશ્રીઓ જોગ.